


P.07

અભિનય પછી ઋતિક રોશને પોતાની ગાયકી પ્રતિભા બતાવી, પોતાનું મનપસંદ ગીત ગાયું

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૨૩૩ । વિક્રમ સંવત ૨૦૮૧ : ચૈત્ર સુદ ૧૦ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 233 • Dt.07-04-2025 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125



P.07

પ્રિયંકા ચોપરાને અલ્લુ અર્જુનની હિરોઈનના રોલની ઑફર

ટ્રમ્પ અને એલોન મસ્ક વિરુદ્ધ અમેરિકાના રસ્તાઓ પર વિરોધ પ્રદર્શન શરૂ થઈ ગયા 07



07
APRIL- 2025
MONDAY



07 ઇઝરાયલે બે બ્રિટિશ સાંસદોને પ્રવેશ આપવાનો ઇનકાર કર્યો । બંને દેશો વચ્ચે તણાવ વધ્યો







## વિકાસ વેગ । ઇફ્કોએ ખેડૂતોને સહકારિતા સાથે અને સહકારિતાને ખાતર સાથે જોડીને ખેડૂતોના આર્થિક ઉત્પાદન માટે વિશેષ પહેલ કરી : સહકારિતા મંત્રી

# ગુજરાતે સહકારી પ્રવૃતિના મૂળને મજબુત કર્યું : શાહ

## સરદાર પટેલ, ત્રિભુવનદાસ પટેલ, ઉદ્યભાણ સિંહજી અને વૈકુંઠ મહેતાના સમયથી ચાલતી સહકારી પ્રવૃતિને પ્રધાનમંત્રી - સહકારીમંત્રીએ વધુ મજબુત બનાવી : દિલીપ સંઘાણી

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૬ ।

વિશ્વની સૌથી મોટી સહકારી સંસ્થા ઈફકોના માતૃ એકમ તેમજ સૌપ્રથમ યુરિયા નિર્માણ સંકુલની સુવર્ણ જયંતીની ઉજવણી નિમિત્તે ઈફકો-કલોલ ખાતે યોજાયેલા સમારોહમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે ઈફકોના નવા "બીજ સંશોધન કેન્દ્ર"નો શિલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત રાજ્ય મંત્રી મંડળના સભ્યો અને સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે ઈફકો-કલોલની સ્વર્ણિમ જયંતી નિમિત્તે સૌને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, ઈફકોની ૫૦ વર્ષની ગૌરવયાત્રા ખેતી, ઉત્પાદન, ગ્રામીણ અર્થતંત્ર અને ખેડૂતોની સમૃદ્ધિને સમર્પિત રહી છે. આ ઉદ્દેશો ને જાળવી રાખીને હવે શતાબ્દી તરફની ઈફકોની સફળ કૂચમાં આધુનિક ખેત પદ્ધતિ, ખેત ઉત્પાદન વૃદ્ધિ, જમીન અને પર્યાવરણ સંરક્ષણ જેવા નવા ચાર પહેલુઓને જોડીને પ્રગતિ ગાથા આગળ ધપાવવાની પ્રતિબદ્ધતા શ્રી અમિત શાહે વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ઈફકોએ ખેડૂતોને સહકારિતા સાથે અને સહકારિતાને ખાતર સાથે જોડીને ખેડૂતોના આર્થિક ઉત્થાન માટે એક વિશેષ પહેલ કરી હતી. જેના પરિણામે આજે ખેતી સમૃદ્ધ અને ખેડૂતો આત્મનિર્ભર બન્યા છે.

વર્ષો પહેલા ઈફકોએ વિકસાવેલું ઘન યુરિયા અને ડીએપી એ ખેતી ક્ષેત્રે એક મોટી ક્રાંતિ હતી, પરંતુ સમયને અનુરૂપ રિસર્ચ અને ડેવલપમેન્ટ પર ભાર મૂકીને આજે ઈફકોએ નેનો યુરિયા અને નેનો ડીએપી વિકસાવ્યુ છે. જેણે સમગ્ર વિશ્વમાં ભારતના સહકારિતા ક્ષેત્રનો ડંકો વગાડ્યો છે તેનું તેમણે ગૌરવ કર્યુ હતું.ઈફકોએ ખેડૂતોના ખેતરો સુધીની પહોંચ વધારીને લેબોરેટરીના પ્રયોગોને લેન્ડ સુધી પહોંચાડવાનું કાર્ય કર્યું છે. ઈફકોની ભાવના હરહંમેશથી જ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટના કાર્ય થકી ખેડૂતોને મદદરૂપ થવાની રહી છે. ઈફકો એક સહકારી ક્ષેત્ર હોવા છતાં, તેણે કોર્પોરેટ ક્ષેત્રની જેમ કુશળ પરિણામ મળે તે રીતે કાર્ય કર્યુ છે. એટલા માટે જ, આજે પણ સહકારિતા ક્ષેત્રે ઈફકો સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે, તેમ તેમણે ઉમેર્યુ હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ સામાજિક જીવનના દરેક ક્ષેત્ર માટે અનેકવિધ વિશેષ પહેલો કરીને રાષ્ટ્ર વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. આ સંદર્ભે કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારતમાં સહકારિતા ચળવળને વેગ આપવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ અલાયદા સહકારી મંત્રાલયની સ્થાપના કરી છે.

## કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે ઇફકોના નવા "બીજ સંશોધન કેન્દ્ર"નો શિલાન્યાસ







ફોટો : મોહિત પંજાબી



## ખેતીક્ષેત્રમાં વિકાસ । ૫૭ મંડળીઓ સાથે શરૂ થયેલી ઇફ્કોની આ યાત્રામાં આજે ૩૬,૦૦૦થી પણ વધુ સહકારી મંડળીઓ જોડાઇ

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૬ ।

પ્રાથમિક કૃષિવિષયક સહકારી મંડળીઓને આર્થિક રીતે સક્ષમ બનાવવા આ વર્ષે બજેટમાં ખાસ જોગવાઇ કરવામાં આવી છે તેનાથી રાજ્યમાં સહકારિતાને વધુ પ્રોત્સાહન મળે તે માટે રાજ્યમાં સહકારિતાને વધુ પ્રોત્સાહન મળશે, તેવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ ઈફકોના ૫૦ પૂર્ણ થયાની ઉજવણી સમયે ઈફકોનું બીજ રોપનાર યુવરાજ ઉદયભાણસિંહને યાદ કરતાં જણાવ્યું હતું કે, નાની મંડળીની શરું થયેલી ઈફકોની વૈશ્વિક યાત્રા ખૂબ જ રોચક અને ખેડૂતોના હિતમાં રહી છે. ગુજરાતે શાંતિ, સમૃધ્ધિ અને સલામતી સાથે સહકારીતામાં પણ ખુબ મજબૂત પકડ બનાવી છે. સહકાર મંત્રાલયની સ્થાપના બાદ તેનું નેતૃત્વ શ્રી અમિતભાઈ શાહને સોંપી સહકાર ક્ષેત્રે ભારતે વૈશ્વિક સ્તરે ઓળખ મેળવી છે.સમારોહના પ્રારંભે ઈફકોના મેનેજિંગ ડિરેક્ટર ડો. ઉદય શંકર અવસ્થીએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. આ વેળાએ તેમણે ઈફકો-કલોલ એકમની સ્થાપનાથી લઈને આજે ૫૦ વર્ષ સુધીની ગૌરવપૂર્ણ યાત્રા, સફળતા અને સિદ્ધિઓની ભૂમિકા આપી હતી.



### સહકારી માળખાને વધુ સુદ્રઢ બનાવવા માટે ૬૫ જેટલા મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા

તે જ દિશામાં આગળ વધતાં ગુજરાતનાં સહકારી અગ્રણી ત્રિભુવનદાસ પટેલે સહકારી ક્ષેત્ર માટે આપેલા અભૂતપૂર્વ યોગદાનને આવનારી પેઢી પણ યાદ રાખે તે ઉદ્દેશથી દેશની સૌ પ્રથમ સહકારી યુનિવર્સિટી તેમના જ નામે 'ત્રિભુવનદાસ સહકારી યુનિવર્સિટી'ની સ્થાપનાનો નિર્ણય કર્યો છે. આ યુનિવર્સિટી સહકારીતાના દરેક ક્ષેત્રનું શિક્ષણ અપાશે. સાથે જ, દેશની સહકારીતા પ્રગતિને AI જેવી આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી અનેક વિશ્લેષણો અને તારણોના આધારે આવતા ૫૦ વર્ષમાં સહકારિતા ક્ષેત્રે પ્રગતિની દિશા નક્કી કરવાનું કામ પણ આ યુનિવર્સિટી કરશે, તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. દેશના ખેડૂતોની ઉપજને વૈશ્વિક બજાર સુધી પહોંચાડવા માટે નેશનલ એક્સપોર્ટ કો-ઓપરેટિવ લિમિટેડ, પ્રાકૃતિક પેદાશોનું સર્ટિફીકેશન અને બ્રાન્ડિંગ કરીને તેમને સારા ભાવ પૂરા પાડવા માટે નેશનલ ઓર્ગેનિક કો-ઓપરેટિવ લિમિટેડ તેમજ ખેડૂતોને આધુનિક બીજ મળે અને જૂના હાઈબ્રીડ બીજોના સંવર્ધન અને સંરક્ષણ થઈ શકે તે માટે બીજ કો-ઓપરેટિવ લિમિટેડ મળીને રાષ્ટ્રીય સ્તરની ત્રણ કો-ઓપરેટિવની સ્થાપના કરવામાં આવી છે, તેમ તેમણે ઉમેર્યુ હતું.



### ઈફકો ત્રણ રાજ્યોમાં પાંચ સ્થળોએ કાર્યરત છે, જેનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૪૦,૦૦૦ કરોડ અને નફો રૂ. ૩,૨૦૦ કરોડનો છે

આજે ઈફકો ત્રણ રાજ્યોમાં પાંચ સ્થળોએ કાર્યરત છે, જેનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૪૦,૦૦૦ કરોડ અને નફો રૂ. ૩,૨૦૦ કરોડનો છે. આ આંકડા ૫૦ વર્ષની સતત મહેનત અને પરિવર્તનના સાક્ષી છે. આગામી સમયમાં આ બીજ અનુસંધાન કેન્દ્ર ફળદ્રુપ બીજોનું સંવર્ધન કરશે અને ઉચ્ચ ગુણવત્તાના બીજોની રક્ષા કરશે. જે આવનારા સમયમાં ખેડૂતોની સમૃદ્ધિનું મોટું કારણ બનશે, તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સહકારી ક્ષેત્રે અગ્રેસર રહેવાના ગુજરાતીઓના ખમીરને બિરદાવતા આ પ્રસંગે જણાવ્યું હતું કે, સહકારીતા એ ભારતીય સંસ્કૃતિની જૂની પરંપરા છે. આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને દેશના પ્રથમ સહકાર મંત્રી અમિતભાઈ શાહના દિશાદર્શનમાં સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી નાનામાં નાના માનવી, ખેડૂત, ગરીબ, વંચિત સૌના વિકાસને નવી દિશા સાથે સહકારિતાના વેગ મળ્યો છે.મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના ખેડૂતોને પૂરતું ખાતર મળી રહે અને ભારત ખાદ્યાન્નના ક્ષેત્રમાં આત્મનિર્ભર બને તેવા ઉદ્દેશ્ય સાથે ઈફકોની શરૂઆત થઈ હતી અને ૧૯૭૫માં કલોલના પહેલા પ્લાંટ દ્વારા ઉત્પાદનની શરૂઆત થઈ હતી. તેમણે કહ્યું કે, માત્ર ૫૭ મંડળીઓ સાથે શરૂ થયેલી ઈફકોની આ યાત્રામાં આજે ૩૬,૦૦૦થી પણ વધુ સહકારી મંડળીઓ જોડાઈ છે અને ખેડૂતોને બીજ થી લઈ બજાર સુધી સરકારની અનેક યોજનાઓ સાથ આપે છે. ૧૯૬૭માં ૫૭ ખેડૂત સહકારી મંડળીઓ સાથે IFFCOની સ્થાપના થઈ ત્યારે પ્રથમ ચેરમેન તરીકે પોરબંદરના યુવરાજ ઉદયભાણ સિંહજી હતા તેનો ઉલ્લેખ પણ મુખ્યમંત્રીએ કર્યો હતો.



### રાજ્યમાં કુલ ૧.૭૧ કરોડ સભાસદો ધરાવતી સમગ્રતયા ૮૯ હજારથી વધુ મંડળીઓ કાર્યરત

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ઈફકોમાં રિસર્ચને પણ ખૂબ પ્રોત્સાહન મળ્યું છે. સહકાર મંત્રાલય દ્વારા ખેડૂતો માટે વિશ્વની સૌથી મોટી ખાદ્ય સંરક્ષણ યોજના અમલી બનાવાઇ છે.ઈફકોના નેનો યુરિયા અને ડીએપી આજે વિશ્વભરમાં પહોંચ્યા છે. જેણે પાકની ક્ષમતા વધારી ખેતરની જમીન પણ સુધારવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. આ નેનો લિક્વિડ ફર્ટિલાઈઝરના કારણે ભારત આત્મનિર્ભર તરફ ગતિ કરી રહ્યું છે. ભવિષ્યમાં બીજી હરિત ક્રાંતિમાં ઈફકોની સહભાગિતા સર્વોચ્ચ હશે તેવો એમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાજ્યમાં સહકારિતાને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતે પણ અમિતભાઈના માર્ગદર્શનમાં સહકારથી સમૃદ્ધિની દિશા અપનાવી છે. આજે રાજ્યમાં કુલ ૧.૭૧ કરોડ સભાસદો ધરાવતી સમગ્રતયા ૮૯ હજારથી વધુ મંડળીઓ કાર્યરત છે. એટલે કે, દર ચોથો ગુજરાતી કોઈ ને કોઈ સહકારી મંડળી સાથે જોડાયેલો છે.

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨ પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

## ઉમરપાડામાં હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થિનીનાં મોતનું ચોંકાવનારૂં કારણ સામે આવ્યું

। પ્રતિનિધિ, સુરત, તા.૬ ।

સુરતના ઉમરપાડા સ્થિત એક હોસ્ટેલમાં એક વિદ્યાર્થિનીનું રહસ્યમય સંજોગોમાં મોત થતાં ખળભળાટ મચી ગયો હતો. ગોપાલિયા ગામની ૧૪ વર્ષીય યશ્વી વસાવા હોસ્ટેલમાં બેભાન હાલતમાં મળી આવી હતી. હોસ્ટેલ મેનેજમેન્ટે તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. બાદમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ મોકલતા ખુલાસો થયો છે.સુરતના ઉમરપ ડા સ્થિત આદર્શ નિવાસી કન્યા શાળાની યશ્વી અશ્વિન વસાવાનું રહસ્યમય સંજોગોમાં મોત બાદ ગૃ હમાતાએ વિદ્યાર્થિનીના પરિવારને જાણ કરી હતી. પોલીસે અકસ્માતે મૃત્યુનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી.

## માતાએ ઠપકો આપ્યા બાદ ૧૬ વર્ષની વિદ્યાર્થીનીએ આત્મહત્યા કરી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૬ ।

છેલ્લા કેટલાક વર્ષોમાં, માતાપિતાના ઠપકાના ડરથી અથવા પરીક્ષામાં નાપાસ થવાના ડરથી વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હોવાના કિસ્સાઓ વધી રહ્યા છે. ગુજરાતના વડોદરાના ભાયલીમાંથી પણ આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. જ્યાં એક માતાએ તેની ૧૬ વર્ષની પુત્રીને ઠપકો આપ્યો, જેના કારણે તે ગુસ્સે થઈ ગઈ અને બે દિવસ પછી ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી. મળતી માહિતી મુજબ, વડોદરાના ભાયલીમાં એક વિધવા મહિલાને બે બાળકો હતા. જેમાં તેમની પુત્રી મોટી હતી અને ૧૬ વર્ષની હતી. છોકરી ૧૧ મા ધોરણમાં અભ્યાસ કરતી હતી. શનિવારે તેણે ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી. તેની માતા નજીકના ઘરોમાં કામ પર ગઈ હતી ત્યારે તેણે આ પગલું ભર્યું.જ્યારે માતા ઘરે પાછી આવી ત્યારે તેણે તેને ફાંસી પર લટકતો જોયો. જેના વિશે તેણે તાત્કાલિક પોલીસને જાણ કરી.

### નીતા અંબાણી અને રાધિકા પણ હાજર રહ્યાં

# અનંત અંબાણીએ ૧૦ દિવસની પદયાત્રા કરી દ્વારકાધીશના કર્યા દર્શન

### ૨૯ માર્ચે નીકળ્યા પછી તેઓ દરરોજ લગભગ ૨૦ કિલોમીટરનું અંતર કાપ્યું છે

। પ્રતિનિધિ, જામનગર, તા.૬ ।

રામનવમીના દિવસે અનંત અંબાણીએ જામનગરથી દ્વારકા સુધી ૧૭૦ કિલોમીટરની પદયાત્રા પૂર્ણ કરી છે. દસ દિવસની પ દયાત્રા કરીને અનંત અંબાણીએ પરિવાર સાથે દ્વારકા મંદિરમાં વહેલી સવારે મંગળા આરતી કરી છે. તેઓની સાથે માતા નીતા અંબાણી અને પત્ની રાધિકા પણ હાજર રહ્યા હતા. નોંધનીય છે કે, ૨૯ માર્ચે નીકળ્યા પ છી તેઓ દરરોજ લગભગ ૨૦ કિલોમીટરનું અંતર કાપ્યું છે. દરરોજ રાત્રે લગભગ સાત કલાક ચાલતા હતા.આજે રામનવમીના પ ાવન પર્વે અનંત અંબાણીની જામનગરથી દ્વારકા સુધીની પદયાત્રા પૂર્ણ થઈ છે. દ્વારકામાં અનંત અંબાણી, નીતા અંબાણી અને રાધિકાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું છે. રિલાયન્સ રોડ કિર્તી સ્તંભથી બ્રાહ્મણો, શારદાપીઠના વિદ્યાર્થીઓ દ્વારા મંત્રોચ્ચારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. અનંત અંબાણી, નીતા અંબાણી અને રાધિકાએ આજે સવારે ભગવાન દ્વારકાધીશની મંગળા આરતી કરી છે. વિવિધ સમાજના આગેવાનો અને ગ્રામજનો દ્વારા અનંત અંબાણી અને પ રિવારનું સ્વાગત કરવામાં આવ્યું છે. કોરાળા નજીક ગોવાથી આવેલા રતિલાલ પરમારે ૧૦ રૂપિયાની ચલણી નોટના પદયાત્રા દરમિયાનના સીરીયલ નંબર ફોટોગ્રાફસ સાથે અનંત અંબાણીને અર્પણ કર્યા



છે.અનંત અંબાણીને સીરીયલ નંબર સાથેની યાદી આપનાર રતિલાલ પરમાર અનેક મહાનુભાવોને તેમના જન્મ તારીખ અને સંસ્મરણોની સિરિયલ નંબર સાથેની યાદી આપી રહ્યા છે. આ આધ્યાત્મિક પદયાત્રામાં અનંત અંબાણી દ્વારકા જતા માર્ગમાં હનુમાન ચાલીસા, સુંદરકાંડ અને દેવી સ્તોત્રનો જાપ કરી રહ્યા હતા. રામનવમીના દિવસે અનંત અંબાણીએ જામનગરથી દ્વારકા સુધી ૧૭૦ કિલોમીટરની પદયાત્રા પૂર્ણ કરી છે. દસ દિવસની પદયાત્રા કરીને અનંત અંબાણીએ પરિવાર સાથે દ્વારકા મંદિરમાં વહેલી સવારે મંગળા આરતી કરી છે. તેઓની સાથે માતા નીતા અંબાણી અને પત્ની રાધિકા પણ હાજર રહ્યા હતા. નોંધનીય છે કે, ૨૯ માર્ચે નીકળ્યા પછી તેઓ દરરોજ લગભગ ૨૦ કિલોમીટરનું અંતર કાપ્યું છે. દરરોજ રાત્રે લગભગ સાત કલાક ચાલતા હતા.કોરાળા નજીક ગોવાથી આવેલા રતિલાલ પરમારે ૧૦ રૂપિયાની ચલણી નોટના પદયાત્રા દરમિયાનના સીરીયલ નંબર ફોટોગ્રાફસ સાથે અનંત અંબાણીને અર્પણ કર્યા છે.

## અમદાવાદ : આવાસ યોજનામાં મકાન ફાળવણી કૌભાંડ બહાર આવ્યું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

અમદાવાદમાં આવાસ યોજનામાં મકાન ફાળવણીનું કૌભાંડ બહાર આવ્યું છે. જેમાં ગોતા આવાસ યોજનામાં મકાન ફાળવણી કૌભાંડ સામે આવ્યું છે. જેમાં છસ્ઝના બોગસ પજેસન લેટરથી મકાનો ફાળવાયા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. તે સિવાય વિપુલ, સૈયદ, શુક્લા નામના આરોપીઓએ કૌભાડ આચર્યું હોવાનું સામે આવ્યું છે.આરોપીઓએ બોગસ પજેસન લેટર બનાવી મકાનો ફાળવ્યા હોવાનું તપાસમાં ખુલ્યું છે. જેમાં તેમણે એક મકાનના પ જેસન લેટરના રૂ. ૫૦ હજાર લીધા હોવાનું સામે આવ્યું છે. તપાસમાં આરોપીઓએ ૨૧ મકાનોના બોગસ પજેશન લેટર બનાવાયા હોવાનું બહાર આવ્યું છે.નવાઈની વાત એ છે કે આરોપીઓએ મકાન નહોતા ફાળવ્યા તેના પણ પજેસન લેટર બનાવ્યા હતા. તે સિવાય મકાન લેનારને છસ્ઝની પાવતી પણ આપતા હતા. હાલમાં આરોપીઓ પાસે યાદી કેવી રીતે આવી તેની તપાસ થશે. અમદાવાદમાં આવાસ યોજનામાં મકાન ફાળવણીનું કૌભાંડ બહાર આવ્યું છે. જેમાં ગોતા આવાસ યોજનામાં મકાન ફાળવણી કૌભાંડ સામે આવ્યું છે. જેમાં છસ્ઝના બોગસ પજેસન લેટરથી મકાનો ફાળવાયા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. તે સિવાય વિપુલ, સૈયદ, શુક્લા નામના આરોપ ીઓએ કૌભાડ આચર્યું હોવાનું સામે આવ્યું છે.આરોપીઓએ બોગસ પજેસન લેટર બનાવી મકાનો ફાળવ્યા હોવાનું તપાસમાં ખુલ્યું છે.

### ચૈત્રી નવરાત્રિનો અંતિમ દિવસ અને રામનવમીના પાવન પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી

# રામનવમી અને રવિવારનો અનોખો સંગમ શક્તિપીઠ પાવાગઢમાં ભક્તોનો ભારે ધસારો

। પ્રતિનિધિ, પાવાગઢ, તા.૬ ।

ચૈત્રી નવરાત્રિનો અંતિમ દિવસ અને રામનવમીના પાવન પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી રામ નવમી અને રવિવારને કારણે ગુજરાતના પવિત્રધામ અંબાજી, બહુચરાજી અને ચોટીલા સહિત પ ાવાગઢ મંદિરમાં પણ ભક્તોનો ભારે ઘસારો જોવા મળ્યો હતો આજે વહેલી સવારથી જ હજારોની સંખ્યામાં ભાવિભક્તો સુપ્રસિદ્ધ યાત્રાધામ પ ાવાગઢ શક્તિપીઠમાં મહાકાળી માના મંદિરે દર્શન કરવા ઊમટી પડ્યા હતાં વહેલી સવારથી જ માતાજીની મંગળા આરતીમાં ભક્તોનો જમાવડો જોવા મળ્યો હતો મંદિરમાં માના દર્શને આવેલા ભાવિકોને લાંબી કતારો જોવા મળી માતાજીના જયઘોષથી મળસ્કે



ડુંગર ગુંજી ઉઠ્યું હતું

ચૈત્રી નવરાત્રિના આઠમના દિવસે પણ હજારોની સંખ્યામાં માઈ ભક્ત માતાજીના દર્શનાર્થે પાવાગઢ ડુંગર ખાતે પહોંચ્યા હતા. મંદિર પરિસરમાં સવારે ૯ વાગ્યાથી જ હવનની પૂજા વિધિમાં જોડાયા હતા. સાંજે પાંચ કલાકે હવનમાં શ્રી ફળ હોમી હવનની પુર્ણાહુતિ કરાઈ હતી.

ચૈત્રી નવરાત્રિના પાવન પર્વને ધ્યાનમાં લઈને પાવાગઢ ખાતે ભક્તોની સુરક્ષા સલામતી અને કાયદો વ્યવસ્થાની જાળવણી કરવા માટે પોલીસ તંત્રએ પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી પેટ્રોલિંગ હાથ ધર્યુ હતું. ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં પોલીસ કર્મીઓ, એસઆરપી જવાનોની ટીમ, હોમગાર્ડ સહિતની ટીમોએ સતત ખડે પગે ઊભા રહી ચાંપતી નજર રાખી હતી.

## સુરતના યુવાનની કેનેડામાં ભર બપોરે તીક્ષ્ણ હથિયાર વડે હત્યા કરાઇ

। પ્રતિનિધિ, સુરત, તા.૬ ।

ગુજરાતના સુરતના એક યુવાનની કેનેડામાં ધોળા દિવસે છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. જેમાં મૃતકની ઓળખ ધર્મેશ કથીરિયા તરીકે થઈ છે. ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે ઓટાવા નજીક રોકલેન્ડમાં એક ભારતીય નાગરિકની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.ઓટાવામાં ભારતીય દૂતાવાસે કહ્યું કે તે પીડિત પરિવારના સંપર્કમાં છે. કેનેડામાં ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર પોસ્ટ કર્યું: ‘‘ઓટાવા નજીક રોકલેન્ડમાં છરાબાજીની ઘટનામાં એક ભારતીય નાગરિકના દુઃખદ મૃત્યુથી અમને ખૂબ જ દુઃખ થયું છે. પોલીસે જણાવ્યું હતું કે એક શંકાસ્પદ વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. અમે શોકગ્રસ્ત પરિવારને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડવા માટે સ્થાનિક સમુદાય સંગઠનો સાથે ગાઢ સંપર્કમાં છીએ.’’એક અહેવાલ મુજબ, ઓન્ટારિયો પ્રાંતીય પોલીસે રેડિયો-કેનેડાને જણાવ્યું હતુ કે આ ઘટના બપોરે ૩ વાગ્યા પહેલા લાલોન્ડે સ્ટ્રીટ નજીક બની હતી. શુક્રવાર. પોલીસે હજુ સુધી મૃત્યુનું કારણ જાહેર કર્યુ નથી. અટકાયતી સામે કોઈ આરોપો દાખલ કરવામાં આવશે કે કેમ તે પણ જણાવ્યું ન હતું.

## રાજકોટમાં ડમી શાળાને અંગે ખાનગી રાહે તપાસ શરુ કરવામાં આવી

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૬ ।

ડમી શાળાઓ અંગે ફરિયાદો મળ્યા બાદ શિક્ષણ વિભાગે કામ શરૂ કરી દીધું છે. ગાંધીનગર શિક્ષણ વિભાગની ટીમે રાજકોટમાં એક ખાનગી તપાસ હાથ ધરી હતી. જેમાં સ્થાનિક વહીવટીતંત્રને અંધારામાં રાખવામાં આવ્યું હતું અને શાળાનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.સ્વનિર્ભર શાળા વ્યવસ્થાપન મંડળે ડમી શાળાઓના ભ્રષ્ટાચારને રોકવા માટે ફરિયાદ નોંધાવી હતી. જે બાદ શિક્ષણ વિભાગની ટીમ એક્શનમાં આવી. શિક્ષણ વિભાગની ટીમે અનેક શાળા સાહિત્ય પણ જપ્ત કર્યું.શિક્ષણ વિભાગને માહિતી મળી હતી કે એવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે કે વિદ્યાર્થીઓ વર્ગખંડોમાં અભ્યાસ કરી રહ્યા છે અને શાળામાં ફક્ત નામ જ બોલાઈ રહ્યા છે. એવું નોંધાયું હતું કે ડમી શાળા સંચાલકો અને વર્ગખંડ સંચાલકો વચ્ચે મિલીભગત હતી. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન થયા બાદ, ટીમ તપાસ માટે ગાંધીનગર પહોંચી હતી. ડમી શાળાઓ અંગે ફરિયાદો મળ્યા બાદ શિક્ષણ વિભાગે કામ શરૂ કરી દીધું છે. ગાંધીનગર શિક્ષણ વિભાગની ટીમે રાજકોટમાં એક ખાનગી તપાસ હાથ ધરી હતી. જેમાં સ્થાનિક વહીવટીતંત્રને અંધારામાં રાખવામાં આવ્યું હતું અને શાળાનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.



### હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આકરી ગરમીની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી

# રાજ્યમાં વોર્નિંગ સાથે બે દિવસ કચ્છ લાલચોળ મોરબી અને રાજકોટમાં ગરમીનું ઓરેન્જ એલર્ટ

**કચ્છમાં હીટવેવના રેડ એલર્ટ સાથે ચેતવણી આપવામાં આવી છે, આ સિવાય સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ભાગો માટે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આકરી ગરમીની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. જેમાં કચ્છમાં હીટવેવના રેડ એલર્ટ સાથે ચેતવણી આપવામાં આવી છે, આ સિવાય સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ભાગો માટે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. આકરી ગરમીના કારણે રાજ્યમાં ગુજરાતમાં ચાર દિવસ હીટવેવનો રાઉન્ડ રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. જેમાં રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગે સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતની સાથે રાજ્યના દરિયાકાંઠાના ભાગોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. જેમાં દરિયાકાંઠાના ભાગોમાં પણ અકળામણ થાય તેવી ગરમી પડવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે.રાજકોટમાં હીટવેવનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે, જ્યારે સૌરાષ્ટ્રના મોરબી અને રાજકોટમાં હીટવેવનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે અને પોરબંદર તથા જુનાગઢમાં યલો એલર્ટ અપાયું છે. આજના દિવસ માટે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને ગાંધીનગર માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે૭ એપ્રિલ માટે જે આગાહી કરવામાં આવી છે, તેમાં સૌરાષ્ટ્ર-કચ્છ તથા ઉત્તર ગુજરાતમાં આકરી ગરમીના એંધાણ છે. જેમાં કચ્છમાં રેડ એલર્ટ જ્યારે મોરબી અને રાજકોટમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આ સિવાય સૌરાષ્ટ્રના પોરબંદર અને જુનાગઢમાં હીટવેવનું યલો એલર્ટ રહેશે. જ્યારે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, મહેસાણા તથા ગાંધીનગર માટે પણ બે દિવસનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ પછી ૮ અને ૯ એપ્રિલ દરમિયાન પણ સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓ માટે હીટવવેનું એલર્ટ આપવામાં આવ્યું છે. જેમાં કચ્છમાં બે દિવસ માટે ઓરેન્જ એલર્ટ જ્યારે મોરબી, રાજકોટ અને જુનાગઢ માટે પણ યલો એલર્ટ આપ્યું છે. જેમાં જુનાગઢ માટે માત્ર ૮મી તારીખ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ જ તારીખો દરમિયાન ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા અને ગાંધીનગર માટે હીટવેવનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ સાથે પાંચ દિવસ માટે સૌરાષ્ટ્ર-કચ્છ તથા દક્ષિણ ગુજરાતના અને ખંભાતના અખાતના દરિયાકાંઠાના ભાગોમાં અકળામણ થાય તેવી ગરમી પડવાની સંભાવનાઓ પણ વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આકરી ગરમીની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. જેમાં કચ્છમાં હીટવેવના રેડ એલર્ટ સાથે ચેતવણી આપવામાં આવી છે, આ સિવાય સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ભાગો માટે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. આકરી ગરમીના કારણે રાજ્યમાં ગુજરાતમાં ચાર દિવસ હીટવેવનો રાઉન્ડ રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. જેમાં રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગે સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતની સાથે રાજ્યના દરિયાકાંઠાના ભાગોમાં ગરમ અનેભેજવાળુંવાતાવરણરહેવાનીસંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. જેમાં દરિયાકાંઠાના ભાગોમાં પણ અકળામણ થાય તેવી ગરમી પડવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે.



### ખોટા દસ્તાવેજ આધારે ખેડૂત ખાતેદાર બનવાના મુદ્દે

# ઇડરના ધારાસભ્ય રમણલાલ વોરાની મુશ્કેલી વધી ખેડૂત તરીકેના પ્રમાણપત્રની ખરાઇ કરવા આદેશ

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૬ ।

ખોટા દસ્તાવેજ આધારે ખેડૂત ખાતેદાર બનવાના મુદ્દે પૂર્વ મંત્રી અને ઈડરના ધારાસભ્ય રમણ વોરા વિવાદમાં ફસાયાં છે. વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણ વોરાએ ખોટા દસ્તાવેજ રજૂ કરીને ગાંધીનગર જિલ્લામાં પાલેજ ખાતે ખેતીલાયક જમીન ખરીદી હતી. આ મુદ્દો છેક દિલ્હી દરબાર સુધી પહોંચ્યો છે. પૂર્વ ધારાસભ્ય પૂનમભાઈ મકવાણાએ ફરિયાદ કરતાં મહેસૂલ વિભાગે આદેશને પગલે રમણ વોરાના ખેડૂત ખાતેદારના પ્રમાણપત્રની ખરાઈ કરવા આદેશ કરવામાં આવ્યો છે. આ જોતાં આગામી દિવસોમાં રમણ વોરાની મુશ્કેલી વધી શકે તેમ છે.ગાંધીનગર જિલ્લાના પાલેજમાં ૩ કરોડ રૂપિયામાં જમીન વેચી બીનખેતી કરી દેવાઈ હતી. રમણ વોરાના પુત્રોએ જમીન ખરીદી ભાજપના દસાડાના પૂર્વ ધારાસભ્ય પૂનમભાઈ મકવાણાએ મુખ્યમંત્રી ઉપરાંત મહેસૂલ સચિવને પત્ર લખીને ફરિયાદ કરી હતી કે, ઈડરના ધારાસભ્ય રમણ વોરાએ ગાંધીનગર જિલ્લાના પાલેજ ખાતે સર્વે નંબર, ૨૬૧ની ખેતીલાયક જમીન ખરીદી હતી. પૂનમભાઈ, હિતેશભાઈ અને રમણભાઈના નામે આ જમીન ખરીદવામાં આવી હતી. તે વખતે રમણ વોરાએ ખેડૂત ખાતેદારનું પ્રમાણપત્ર રજૂ કર્યું હતું, તેમાં ભાઈઓના નામ પણ ખોટા દર્શાવ્યાં હતાં. આ ઉપરાંત પૂનમભાઈ અને હિતેશભાઈએ પોતાનો હક જતો કર્યો છે.

## દાહોદમાં પોલીસે નકલી નોટોના કૌભાંડનો પર્દાફાશ કર્યો

। પ્રતિનિધિ, દોહાદ, તા.૬ ।

દાહોદમાં પોલીસે નકલી નોટોના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. નકલી નોટોના કૈભાંડમાં રાદસ્થાન પોલીસને સફળતા મળી છે. જેમાં પોલીસે વધુ એક શખ્સની ઝાલોદના ઠેરકાથી ઝડપી લીધો છે. ડેમાં રાજસ્થાનના આનંદપુરી પોલીસે આ શખ્સને ઝડપી લીધો છે.તપાસમાં આરોપી દાહોદના ભાડાના મકાનમાં નકલી નોટો તૈયાર કરતો હોવાનું બહાર આવ્યું છે. આ કેસમાં પોલીસે કુલ ૧૧ આરોપીને ઝડપ્યા છે. જેમાં તેમની પાસેથી ૩ લાખથી વધુની નકલી નોટો કબજે કરવામાં આવી છે.તપાસમાં આરોપીઓ રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં નકલી નોટો ફરતી કરતા હોવાનું બહાર આવ્યું છે. નકલી નોટોના આ કૌભાંડ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. દાહોદમાં પોલીસે નકલી નોટોના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. । નકલી નોટોના કૈભાંડમાં રાદસ્થાન પોલીસને સફળતા મળી છે. જેમાં પોલીસે વધુ એક શખ્સની ઝાલોદના ઠેરકાથી ઝડપી લીધો છે. ડેમાં રાજસ્થાનના આનંદપુરી પોલીસે આ શખ્સને ઝડપી લીધો છે.તપાસમાં આરોપી દાહોદના ભાડાના મકાનમાં નકલી નોટો તૈયાર કરતો હોવાનું બહાર આવ્યું છે.

## અમદાવાદના નિકોલમાં વિહિપ દ્વારા શોભાયાત્રામાં કાર્યકરોએ હોબાળો મચાવ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

રામ નવમી નિમિત્તે નિકોલમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા એક શોભાયાત્રા કાઢવામાં આવી હતી પરંતુ એક વિવાદાસ્પદ ઝાંખીને કારણે પોલીસે તેને અટકાવી દીધી હતી, જેના પગલે કાર્યકરોએ રસ્તો બ્લોક કરી દીધો હતો અને ટાયરો પણ બાળ્યા હતા. લવ જેહાદના મુદ્દા પર ટેબ્લો યોજવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. આ શોભાયાત્રાનું આયોજન ૐ અને હિન્દુ સંગઠનો દ્વારા કરવામાં આવ્યું હતું, પરંતુ એવું પણ પ્રકાશમાં આવ્યું છે કે વિવાદાસ્પદ ઝાંખી દૂર કર્યા પછી શોભાયાત્રા ફરી શરૂ કરવામાં આવી છે.હિન્દુ સમુદાય ખૂબ જ ઉત્સાહથી રામ નવમીની ઉજવણી કરી છે, આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ -બજરંગ દળે હિન્દુ સમુદાયના સમર્થન અને સહયોગથી સમગ્ર ગુજરાતમાં વિશાળ રામોત્સવ અને શોભાયાત્રાનું આયોજન કર્યું હતું. જેમાં રામોત્સવ અને સમગ્ર ગુજરાતમાં ૨૦૦ જેટલી શોભાયાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, કર્ણાવતી મહાનગરના સરયુ મંદિરથી કોટ વિસ્તાર સુધી શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં નરોડા, અસારવા, બાપુનગર, અમરાઈવાડી, વટવા, મણિનગર, પાલડી, બોપલ, મેમનગર, ચાંદલોડિયા, નારણપુરા અને સાબરમતી સહિત કુલ ૧૩ સ્થળોએ શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને લગભગ ૭૦ સ્થળોએ રામોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવી છે.આ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં રામ ભક્તો, સંતો અને સમાજના પ્રતિષ્ઠિત નાગરિકો હાજર રહ્યા હતા. ભગવાન શ્રી રામનો રથ, ૨ હાથી, ૨ ઘોડા, ૧૦ ખુલ્લી જીપ, ૨૦ ઊંટ, ૫ ટ્રેક્ટર, ૨૦ ભજન મંડળીઓ, ૧૦ અખાડા, ૭૦ ઢોલ, ૩ ડીજે, વેશભૂષા, સાંસ્કૃતિક નૃત્ય જૂથ વગેરે. રામ નવમીની પૂર્વ સંધ્યાએ અમદાવાદના નિકોલ વિસ્તારમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી.






## તંત્રી લેખ..

# ડોકલામને લઈને પણ ભારત-ચીન સંબંધોમાં કડવાશ જોવા મળશે

ભૂટાનના વડાપ્રધાન લોટે શેરિંગે ડોકલામને લઈને જે નિવેદન આપ્યું છે તેનાથી ભવિષ્યમાં ભારત અને ચીન વચ્ચે તણાવ વધવાનું નક્કી માનવામાં આવે છે. તેમણે ડોકલામને ભારત, ભૂટાન અને ચીનનો પરસ્પર વિવાદ ગણાવીને ચીનને વિસ્તારવાદ માટે એક મોકો આપી દીધો છે. માન્યું કે ડોકલામ ભૂટાનમાં છે, પરંતુ તેની સુરક્ષાનું દાયિત્વ ભારતનું છે. ૨૦૧૭માં ડોકલામને લઈને ભારત અને ચીનના સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી. એના પર તણાવ લગભગ બે મહિનાથી વધુ સમય સુધી ચાલ્યો હતો. લેહ-લદ્દાખ અને અરુણાચલને લઈને આ દિવસોમાં ભારત-ચીન સંબંધોમાં તણાવ ચાલુ છે. હવે ડોકલામને લઈને પણ ભારત-ચીન સંબંધોમાં કડવાશ જોવા મળશે. ભૂટાનના વડાપ્રધાનનું આ નિવેદન કેમ અને કોના ઈશારે આવ્યું તે તપાસનો વિષય છે. ડોકલામની સુરક્ષા એટલે કે પૂર્વોત્તર ભારતની સુરક્ષા, કારણ કે પૂર્વોત્તર ભારતના આઠ રાજ્યો સિલિગુડી પાસે એક પાતળા કોરિડોર સાથે જોડાયેલ છે. આ કોરિડોરની પહોળાઈ માત્ર ૨૨ કિલોમીટર છે, જેને 'ચિકન નેક' કહેવામાં આવે છે. સિલિગુડીથી ડોકલામનું અંતર માત્ર ૮૦ કિલોમીટર છે. દેશ વિભાજન સમયે જ્યાં મુસલમાનો બહુમતીમાં હતા, તે વિસ્તારો ભારતથી કપાઈ ગયા, પરંતુ બંગાળનું મુર્શિદાબાદ એટલે ભારતમાં રહી ગયું, કારણ કે જો તે પૂર્વ પાકિસ્તાનમાં ચાલ્યું જાત તો બંગાળના માલદા, પશ્ચિમ દિનાજપુર, જલપાઈગુડી, દાર્જિલિંગ અને કૂચબિહાર જિલ્લા ન માત્ર બંગાળથી કપાઈ જતા, બલ્કે પૂર્વોત્તર ભારત પણ ભારતથી કપાઈ જાત, કારણ કે પૂર્વોત્તર ભારતનું પ્રવેશદ્વાર સિલિગુડી/જલપાઈગુડી જ છે. ભવિષ્યમાં ભારતને ચીનથી પેદા થનારા ખતરાને ધ્યાનમાં રાખીને અત્યારથી જ આપણી તૈયારી શરૂ કરી દેવી જોઈએ, કારણ કે ડોકલામ તણાવ એટલે કે ચિકન નેક પર તણાવ. બંગાળ, બિહાર અને ઝારખંડથી રેલવે અને સડક માર્ગે સિલિગુડી/જલપાઈગુડી થઈને જ પૂર્વોત્તરનાં રાજ્યો - સિક્કિમ, અસમ, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને મેઘાલયમાં જવાય છે. બંગાળના મુર્શિદાબાદ, માલદા અને ઉત્તર દિનાજપુર, બિહારના કિશનગંજ, પુર્ણિયા તથા કટિહાર અને ઝારખંડના સાહિબગંજ અને પાકુડ જિલ્લામાંથી ચાર જિલ્લા મુસ્લિમ બહુમતી જિલ્લા છે અને બાકી ચાર પર પણ ઈસ્લામિક વિસ્તારવાદનો ખતરો વધી રહ્યો છે. આ ક્ષેત્રની જનસંખ્યામાં યોજનાબદ્ધ રીતે પરિવર્તન કરવામાં આવી રહ્યું છે. ૧૯૫૧થી ૨૦૧૧ વચ્ચે રાષ્ટ્રીય સ્તર પર મુસ્લિમ આબાદીમાં ૪.૩૧ ટકા તથા મુર્શિદાબાદમાં ૧૧.૦૨ ટકા વધી. ૧૯૫૧માં માલદામાં મુસ્લિમ જનસંખ્યા ૩૬.૯૭ ટકા હતી જે ૨૦૧૧માં વધીને ૫૧.૨૭ ટકા થઈ ગઈ. દિનાજપુરમાં પણ ૧૯૫૧માં મુસ્લિમ જનસંખ્યા ૨૯.૯૩ ટકા હતી, જે ૨૦૧૧માં વધીને ૪૦.૮૬ ટકા થઈ ગઈ. દિનાજપુર હવે બે જિલ્લા - ઉત્તર દિનાજપુર અને દક્ષિણ દિનાજપુરમાં વહેંચાઈ ગયું છે. ઉત્તર દિનાજપુર જિલ્લો લગભગ મુસ્લિમ બહુમતી જિલ્લો થઈ ગયો છે.

# આરોગ્ય સાથે ચેડા વધી રહ્યા છે



દેશમા હાલમાં ઝડપથી ખાવાપીવાની ટેવ બદલાઈ હરહી છે. જેના કારણે બિમારીઓ વધી રહી છે. આરોગ્ય સાથે પણ સ્વાદના કારણે ચેડા થઈ રહ્યા છે. લાખો લોકો બિમારીના સકંજામાં આવી રહ્યા છે. બદલાઈ રહેલી જીવનશેલીના કારણે દેશભરમાં લોકોની ખાવાપીવાની ટેવમાં ફેરફાર જોવા મળી રહ્યા છે. સરકારી આંકડા આ બાબતના સાક્ષી બની રહ્યા છે કે આશરે ૭૦ ટકા લોકો માંસાહરી અથવો તો નોન વેજિટેરિયન તરીકે છે. હવે ખાવાપીવાની બાબતને પરંપરા અને જાતિ સાથે જોડીને જોઈ શકાય નહી. આશ્ચર્ય એ ચે કે એવા લોકો જેમની ખાવા પીવાની ટેવ બદલાઈ રહી છે તેમને આ અંગેની માહિતી પણ હોતી નથી કે તે ક્યાં પ્રકારના ભોજનની મજા માણી રહ્યા છે. માત્ર સ્વાદના કારણે સારી ચીજ શુ છે તેની જ માહિતી રહી છે.

આરોગ્ય માટે કઇ ચીજ ખાવી જોઇએ અને કઇ નહી તેને લઇને તેમની પાસે વધારે માહિતી નથી. કેમ સમાજમાં ફેરફાર થયા અને આરોગ્યની સાથે કઇ રીતે ચેડા થઈ રહ્યા છે તેના પર અમે આજે ચર્ચા કરવા જઈ રહ્યા છીએ. અમારા દેશ અને વિદેશના ભોજનની તુલના કરવામાં આવે તો અમારી માસાંહરી અને શાકાહરીની પરિભાષામાં પણ વ્યાપક અંતર જોવા મળે છે. પરેશાની એ પણ છે કે આવી જ અંતરની સ્થિતી દેશમાં પણ છે. કેટલાક લોકો ઈંડાને માંસાહરીમાં સામેલ કરે છે તો કેટલાક લોકો ઈંડાને શાકાહારીમાં સામેલ કરે છે. આવી જ રીતે બંગાળમાં બ્રાહ્મણ સમાજના કેટલાક લોકો માછળીને શાકાહાર માનીને તેનો ઉપયોગ કરે છે. આવી સ્થિતીમાં વેજિટેરિયન અને નોન વેજિટેરિયનની જાહેર પરિભાષામાં અંતર હોવાના કારણે પણ આંકડા પર માઠી અસર થઈ જાય છે. ભોજનની ટેવના સંબંધમાં શાકાહરી અને માંસાહરીના સંબંધમાં ભારત સરકાર દ્વારા જે આંકડા જારી કરવામાં આવ્યા છે તેની વાત કરવામાં આવે તો કેટલીક બાબતને લઈને શંકા થાય છે. આંકડા એકત્રિત કરવાની પદ્ધિત અને તેના તારણ કાઢવાને લઈને કોઈ શંકા નથી પરંતુ શંકાનુ કારણ અમારા દેશનુ માળખુ છે. આ જ રચનાના કારણે અમે આ પ્રકારની વાસ્તવિકતા અંગે યોગ્ય માહિતી મેળવી શકતા નથી. કઈ વ્યક્તિ માંસાહરી છે અને કઈ શાકાહરી છે તે અંગે આ રીતે માહિતી મળી શકતી નથી. વર્તમાન સ્થિતિ આવી બની ગઈ છે કે અમે કોઈ જાતિ અને સમાજના આધાર પર આ બાબત નક્કી કરી શકાય નહી કે તે ખાસ જાતિના લોકો માંસાહરી અને અથવા તો શાકાહરી રહેશે. સમાજ સ્તરના માટે ખોટી વાત કરવામાં આવે છે.

ભારતીય સમાજમાં સામાજિક સ્તર ખુબ જ મહત્વપૂર્ણ છે. અનેક વખત વધારે સારા સમાજ માટે વ્યક્તિ ખોટી વાત કરે છે. દાખલા તરીકે ગુજરાતમાં ક્ષત્રીયને બાદ કરતા અન્ય સવર્ણ જાતિઓના લોકો સામાન્યરીતે માંસાહરી નથી. પરંપરાગત રીતે આ જાતિ માંસાહરી રહી છે. પરંતુહવે તેમની સામાજિક સ્થિતી સુધરી ગઈ હોવાથી તેઓ પોતાના વેજિટેરિયન તરીકે જ જાહેર કરે છે. આવી સ્થિતીમાં વાસ્તવિકતા અંગે માહિતી મેળવી લેવાની બાબત મુશ્કેલરૂપ બની જાય છે.

કેટલાક કિસ્સામાં એવુ જાણવા મળ્યુ છે કે કેટલાક પરિવાર પરંપરાની દ્રષ્ટિએ શાકાહરી છે પરંતુ તબીબી કારણોસર તે પરિવારના બાળકને કોઈ નિષ્ણાંત તબીબ માંસાહાર નહી તો ઈંડાનો ઉપયોગ કરવાની સલાહ આપે છે. આવી સ્થિતીમાં ઈંડાના કારણે સમગ્ર પરિવારને જ માંસાહરી માની લેવામાં આવ છે. આવી જ રીતે કેટલાક પરિવારમાં કેટલાક લોકો એવા પણ હોય છે જે વેજિટેરિયન હોય છે પરંતુ તેના પરિવારમાં અન્ય લોકો નોન વેજિટેરિયન હોવાના કારણે તેની ગણતરી આમાં જ થઈ જાય છે. કેટલીક વખત તો લોકો અજાણ રહેવાના નાટક પણ કરે છે.



## બાળકોને તેની માનસિક ક્ષમતા મુજબ જ્ઞાન આપવાની જરૂર છે...

**હાલના દિવસોમાં ફરી એકવાર સ્કુલી શિક્ષણમાં લાગુ કરવામાં આવેલા કોન્ટિન્યુઅસ એન્ડ કોમ્પ્રેહેન્સિવ ઇવેલ્યુશન પ્રણાલી હેઠળ અભ્યાસની તુલના વાર્ષિક પરીક્ષા પદ્ધિતી સાથે કરવામાં આવી રહી છે ખાસ કરીને દસમાં ધોરણની વાર્ષિક પરીક્ષાની અનિવાર્યતાને લઇને તર્ક વિતર્ક ચાલી રહ્યા છે**

# બાળકોને ટેન્શનફ્રી શિક્ષણ આપવામાં આવે તે જરૂરી

**સ્કુલી શિક્ષણમાં સતત મુલ્યાંકન પ્રણાલી યોગ્ય છે કે પછી વાર્ષિક પરીક્ષા પ્રણાલી તે વિષય પર તર્ક અને ચર્ચા થઇ શકે : બાળકો પર ધ્યાન જરૂરી**

સ્કુલી શિક્ષણમાં સતત મુલ્યાંકન પ્રણાલી યોગ્ય છે કે પછી વાર્ષિક પરીક્ષા પ્રણાલી યોગ્ય છે તે વિષય પર તર્ક વિતર્ક અને લાંબી ચર્ચા થઇ શકે છેપરંતુ યોગ્ય રીતે તો બાળકોને ટેન્શનફ્રી શિક્ષણ આપવામાં આવે તે જરૂરી છે. આ બાબતને જ પ્રાથમિકતા સાથે હાથ ધરવી જોઇએ. પાઠ્યક્રમ પણ એવા તૈયાર કરવા જોઇએ જે દરેક બાળકને તેની માનસિક ક્ષમતા મુજબ જ્ઞાન આપીને તેના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થઇ શકે. હાલના દિવસોમાં ફરી એકવાર સ્કુલી શિક્ષણમાં લાગુ કરવામાં આવેલા કોન્ટિન્યુઅસ એન્ડ કોમ્પ્રેહેન્સિવ ઈવેલ્યુશન પ્રણાલી હેઠળ અભ્યાસની તુલના વાર્ષિક પરીક્ષા પદ્ધિતી સાથે કરવામાં આવી રહી છે. ખાસ કરીને દસમાં ધોરણની વાર્ષિક પરીક્ષાની અનિવાર્યતાને લઈને તર્ક વિતર્ક ચાલી રહ્યા છે. કેટલાક નિષ્ણાંતો માની રહ્યા છે કે દસમાં ધોરણની વાર્ષિક પરીક્ષા ફરજિયાત કરવાના ખાસ લાભ તો દુરની વાત છે. આના કારણે બાળકોમાં ટેન્શન સર્જાઇ જશે. એવુ વિચારનાર લોકોનુ એમ પણ કહેવુ છે કે જો પ્રારંભિક પરીક્ષાઓને સીસીઈને દુર કરીને વાર્ષિક પરીક્ષા પ્રણાલી લાગુ કરવામાં આવશે તો દરેક બાળકને શિક્ષણના અધિકાર હેઠળ મળતી બાળક કેન્દ્રિત પ્રારંભિક શિક્ષણમાં તકલીફ આવી શકે છે. પરીક્ષા પ્રણાલીમાં એક તકલીફ એ



પણ રહેલી છે કે તે સિખવાની ઈચ્છાશક્તિ આડે તકલીફ ઉભી કરે છે. તે સમજવાના સ્તરને નીચે પાડે છે. પરંતુ જે લોકો સીસીઇ પ્રણાલીના બદલે વાર્ષિક પરીક્ષા પ્રણાલી લાગુ કરવાની તરફેણ કરે છે તે લોકોના જુદા અભિપ્રાય રહેલા છે. તેમના આ તર્કને ફગાવી શકાય નહી કે વાર્ષિક પરીક્ષા પ્રણાલી વગર બાળકો આગામી ક્લાસમાં કોઈ તૈયારી વગર અને અડધી તૈયારીની સાથે જ પહોંચી જાય છે. તૈયારી વગર આગામી ક્લાસમાં પહોંચી જનાર માટે વાર્ષિક પરીક્ષા નિયંત્રણઁનુ કામ કરે છે. આ વ્યવસ્થા સંપૂર્ણપણે અસરકારક તો નથી પરંતુ એક મર્યાદિત ઉપાય તરીકે તો કામ કરે છે. અલબત્ત આ બાબતેન નકારી શકાય નહી કે પરીક્ષા બાળકો માટે ટેન્શન ઉભા કરે છે. પરીક્ષા બાળકોને આત્મહત્યા કરવા તરફ પણ પ્રેરે છે. સારી બાબત એ છે કે સારી રીતે શિખવા માટે અભ્યાસ પ્રત્યે ગંભીર હોવાની બાબત જરૂરી છે. જો સીસીઇ પ્રણાલી લાગુ કરવામાં શિક્ષકો ગંભીરરીતે કામ કરી રહ્યા છે તો તેને એક સારા વિકલ્પ તરીકે ગણી શકાય છે. વાસ્તવમાં આ ટેન્શનવાળા તર્ક ભાવના સુધી જ કેન્દ્રિત રહે છે. તે અભ્યાસને વધારે ઉંડાણ સાથે શિખવા માટે પ્રેરિત કરતા નથી. કેટલાક લોકો તો એવા તર્ક પણ આપી શકે છે કે ટેન્શનની સ્થિતીપરીક્ષાન કારણે નહી બલ્કે બાળક પર પરિવારના કારણે આવે છે. બાળક પર પરિવારના દબાણ અને સામાજિક સ્પર્ધાના કારણે પણ ટેન્સનની સ્થિતી સર્જાઇ જાય છે. જ્યા સુધી પરીક્ષા બાદ બનનાર મેરિટથી સામાજિક પ્રતિષ્ઠાની ઘેરાઇને જોડીને જોવામાં આવશે ત્યાં સુધી અબિભાવક પોતાની અધુરી રહેલી મહત્વકાંક્ષીને બાળક પર ટેન્શન તરીકે નાંખતા રહેશે. પાઠ્યક્રમને મનૌવિજ્ઞાન સાથે જોડવાનો મતલબ એ છે કે આજે સ્વીકૃત માનવ જ્ઞાન બાળકના અનુભવના હિસ્સા તરીકે રહે તે જરૂરી છે. શિક્ષણની બાબત તમામ માટે ઉપયોગી રહે તે પણ જરૂરી છે. બાળકના વિકાસ માટે શુ જરૂરી છે અને તેને કઇ રીતે કયા વિષયમાં રસ સાથે આગળ વધારી શકાય છે તે બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવાનો સમય છે. આના માટે શિક્ષકને પણ કેટલીક સ્વતંત્રતા, હળવા વલણ અને ખાસ નિર્ણયોની જરૂર રહે છે. જેથી તે બાળકના દિમાંગ મુજબ કામ કરે. બાળકની ક્ષમતા મુજબ શિક્ષણ પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. અમારે ત્યાં સ્કુલોમાં પણ આવા વાતાવરણ હોતા નથી. અમે વર્ષમાં વિભાજિત પાઠ્યક્રમ, શ્રેણી આધારિત સ્કુલ અને વાર્ષિક આગળ વધવા સાથે સંબંધિત શિક્ષણ આપીએ છીએ. બાળકોના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ વ્યવસ્થા અમલી બને તે જરૂરી છે. શિક્ષણના સુધારા પર ધ્યાન આપવાની દિશામાં પહેલ થઈ રહી છે



## જ્યારે સેલ્સ ડાઉન થાય ત્યારે હિમ્મત રાખીને આગળ વધવાની જરૂર

**સેલ્સમાં મંદી આવવાની બાબત ચોક્કસપણે નિરાશાજનક છે કારણ કે તે કોઇની આજીવિકાના સાધન તરીકે હોય છે જેથી મોટી સમસ્તા સર્જાઇ જાય છે જો સેલ્સ થશે નહીં તો પૈસા પણ આવશે નહી પરંતુ મંદીના સંબંધમાં સૌથી સારી બાબત એ છે કે તે સ્થાયી હોતી નથી**

# જ્યારે સેલ્સમાં મંદી દેખાવવા લાગે

**જો ખરેખર તમે સંઘર્ષ કરી રહ્યા છો તો કોઇ વ્યક્તિની અથવા તો સંબંધીની મદદ ચોક્કસપણે લેવી જોઇએ : સફળતા માઇન્ડસેટની વાત**

આજે મોટા ભાગના ક્ષેત્રમાં મંદી જોવા મળે છે. કોઈને કોઈ ક્ષેત્રમાં મંદીને જોઇ શકાય છે. કોઈ પણ કારોબારમાં મંદી આવવા માટેના અનેક કારણો હોય છે. આવી સ્થિતીમાં હિમ્મત સાથે આગળ વધવાની જરૂર રહે છે. જ્યારે સેલ્સ સાથે જોડાયેલા કારોબારમાં મંદી આવવા લાગે ત્યારે શુ કરવુ જોઈએ તેને લઈને હાલમાં જુદા જુદા નિષ્ણાંતોના અભિપ્રાય સપાટી પર આવ્યા છે. આજે આપણે કોઈ પણ ફિલ્ડ પર નજર કરીએ તો મંદીની માર તેને કોઈને કોઈ સમય ચોક્કસપણે ઝેલવી પડી છે તે બાબત ઉભરીને સપાટી પર આવે છે. સેલ્સમાં મંદી આવવાની બાબત ચોક્કસપણે નિરાશાજનક છે. કારણ કે તે કોઈની આજીવિકાના સાધન તરીકે હોય છે. જેથી મોટી સમસ્તા સર્જાઇ જાય છે. જો સેલ્સ થશે નહીં તો પૈસા પણ આવશે નહી. પરંતુ મંદીના સંબંધમાં સૌથી સારી બાબત એ છે કે તે સ્થાયી હોતી નથી. જો મંદીના ગાળામાં થોડાક પણ પ્રયાસ કરવામાં આવે તો સફળતા હાંસલ કરી શકાય છે. મંદીના ગાળામાં થોડીક વધારે મહેનત કરવામાં આવે તો આ નિરાશાજનક દૌરમાંથી બહાર નિકળી શકાય છે. ત્યારબાદ પોતાની સેલ્સને નવી ઉંચાઈ પર લઈ જવામાં સફળતા હાંસલ કરી શકાય છે. સામાન્ય રીતે મંદીથી લોકો નિરાશ થઈ જાય છે. સાથે સાથે





મોટિવેશન પણ ખતમ થવા લાગી જાય છે. યાદ રાખવા જેવી બાબત એ છે કે સફળતા માઈન્ડ સેટની વાત છે. જો દિમાદ યોગ્ય જગ્યાએ અને ધ્યાન કેન્દ્રિત કરી શકાશે નહીં તો કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મળી શકે તેમ નથી. જેથી સેલ્સમાં કમી આવી જાય તો પણ એક સેલ્સ પર્સન તરીકે પોતાના ઉદ્ધેશ્ય પર ધ્યાન કેન્દ્રિત કરીને આગળ વધી શકાય છે. સફળતા ન મળે તો પણ ફોકસ્ડ રહેવાની વાત સૌથી મહત્વપૂર્ણ હોય છે. મંદીના ગાળા દરમિયાન ધ્યાન કેન્દ્રિત કરીને રહેવામાં આવે તે સૌથી ઉપયોગી બાબત હોય છે. જેથી રચનાત્મક અને સકારાત્મક રહેવાની જરૂર હોય છે. જ્યારે પણ સેલ્સ ડાઉન થવા લાગી જાય છે ત્યારે અથવા તો જ્યારે પણ મંદી છવાઈ જાય છે ત્યારે આપણા મનમાં કેટલાક પ્રકારની વાત આવવા લાગી જાય છે. એ વખતે એવા વિચાર આવે છે કે હાલમાં આ કામને બંધ કરી દેવાની જરૂર છે અને થોડોક સમય નિકળવા દેવાની જરૂર છે. પરંતુ આ પ્રકારની વિચારણા ક્યારેય કરવી જોઈએ નહી. કારણ કે જે ચીજો ચાલુ છે તે બંધ કરી દઈશુ તો સ્થિતી વધારે ખરાબ થતી જશે. અને વાપસી કરવાની બાબત ક્યારેય શક્ય બનશે નહી. જે ચીજ સેલ્સને વધારે છે તે ચીજો સતત કરતા રહેવાની જરૂર છે. માત્ર આગળ વધવાના મક્કમ ઈરાદા રાખવાની જરૂર હોય છે. મદદની તલાશ પણ કરી શકાય છે. જો તમે ખરેખર સંઘર્ષ કરી રહ્યા છો તો પરિવારના બીજા સભ્યોની અથવા તો અન્ય કોઈની પાસેથી મદદ લેવાની જરૂર છે. યોગ્ય લોકોની મદદ લેવાની સાથે સાથે તેમની સલાહ પણ ઉપયોગી સાબિત થાય છે. બીજી બાજુ જ્યારે તમે કોઈ બિઝનેસ શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છો ત્યારે તેના માટે ખુબ વધારે સવાલ પુછતા રહેવાની જરૂર હોય છે. કારણ આમાંથી જવાબ નિકળીને આવે છે. ખુબ ઓછા એન્ટરપ્રેન્યોર આ બાબત જાણે છે કે સવાલ નવા મોટા વેન્ચર શરૂ કરવાના સૌથી મોટા મનાધ્યમ તરીકે હોય છે. જો તમે કોઈ મોટા કારોબારની શરૂઆત કરવા માટે ઈચ્છુક છો તો સૌથી સારી બાબત સારા વિચાર સપાટી પર પહેલા આવે તે જરૂરી છે. કોઈ નવા આઈડિયા બિઝનેસને નવી ઉચી સપાટી પર લઈને જઈ શકે છે. કેરિયરને આગામી લેવલ સુધી લઈ જવામાં પણ આઈડિયાની ચાવીરૂપ ભૂમિકા હોય છે. પ્રશ્નો કરવાથી કઈ વ્યક્તિ પાસેથી ક્યારે યોગ્ય આઈડિયા મળી જાય તે કહેવાય નહી. એક સારા આઈડિયા પર શાનદાર બિઝનેસની શરૂઆત કરી શકાય છે. ફોલોઅપ સવાલની સાથે સારી બાબત એ છે કે આના માટે ખુબ વધારે તૈયારીની જરૂર હોય છે. તે એ જ વખતની વાતચીત પર આધારિત હોય છે. જેથી તમામ વાતચીતને ખુબ ગંભીરતા સાથે સાંભળવામાં આવે તે જરૂરી છે. વાતચીત ધ્યાનથી સાંભળી લીધા બાદ જ પ્રશ્ન કરવા જોઈએ. પ્રશ્ન પુછતી વેળા નર્વસનેસ આવી શકે છે પરંતુ આ પ્રકારની બાબત દર્શાવવી જોઈએ નહી. જ્યારે સવાલ કેજ્યુઅલ મેનરમાં કરવામાં આવે છે ત્યારે કેટલીક બાબતો પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી હોય છે. .



## ખાવા પીવાની ખોટી ટેવના કારણે બિમારીઓ લોકોમાં વધી રહી છે

**સોશિયલ મિડિયાનો ઉપયોગ સતત વધી રહ્યો છે જેથી બાળકો અને અન્ય તમામ લોકો મોબાઇલ પર બેઠા રહે છે અને પછી જે સમય મળે છે તે ટીવીની સામે બેસવામાં જતો રહે છે આવી સ્થિતીમાં પરિસ્થિતી પ્રતિકુળ બની જાય છે**

# જંક ફુડ એટલે બિમારીને આમંત્રણ

**જંક ફુડમાં પ્રોસેસ્ડ ચીજ વધારે પ્રમાણમાં હોય છે : આ ઉપરાંત ફેટનુ પ્રમાણ વધારે હોય છે : જંક ફુડમાં કેલોરી વધુ હોય છે જે જોખમી છે**

ત્રણ મોટા કારણ છે જે જંક ફુડને ખતરનાક બનાવી દે છે. પ્રથમ કારણ તો એ છે કે તેમાં પ્રોસેસ્ડ ચીજ હોય છે, બીજી બાબત એ ચે કે તેમાં ફેટનુ પ્રમાણ વધારે રહે છે. ત્રીજી બાબત એ છે કે તેમાં કેલોરીનુ પ્રમાણ વધારે રહે છે. અમે જોઈ રહ્યા છીએ કે આ ત્રણ કારણોસર ઘરમાં ભોજન કરવાના બદલે લોકો બહાર જાય છે. આવી ટેવના કારણે આવા લોકો બિમારીનો શિકાર બની રહ્યા છે. જંક ફુડનો ઉપયોગ હાલના દિવસોમાં બદલાઈ રહેલી લાઈફસ્ટાઈલના કારણે વધારે જોવા મળે છે. આ પ્રકારની ખાવા પીવાની ટેવના કારણે સ્થુળતા વધતી જાય છે. બર્ગર, પિજ્જા, સમોસાની સાથે કોલ્ડ ડ્રિક્સ પણ આરોગ્ય માટે ખુબ ખતરનાક છે. જંક ફુડના કારણે અમે હવે ખાવા પીવામાં આવતી પોષક ચીજવસ્તુઓથી દુર કરી દીધા છે. બાળકોના મામલે તો વધારે ધ્યાન આપવાની તાકીદની જરૂરિયાત દેખાઈ રહી છે. કારમ કે તેમને જો શરૂઆતથી પોષક તત્વો મળી શકશે નહી તો રોગ પ્રતિકારક ક્ષમતામાં પણ વધારો થશે નહી. તેમની રોગ પ્રતિકારક ક્ષમતા ઘટતી જશે. હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં



એવી ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે કે અમેરિકામાં ૩૦ ટકા કરતા વધારે લોકો વધારે પડતા વજનના કારણે પરેશાન થયેલા છે. ભારતમાં પઁણ જે રીતે જંક ફુડે હાલમાં તેની જાળને ફેલાવવાની શરૂઆત કરી દીધી છે તે જોતા નવી ચિતાં જોવા મળી રહી છે. દિલ્હીમાં તાજેતરમાં જ એક સ્કુલ અભ્યાસમાં કેટલીક નવી વિગત સપાટી પર આવી હતી. જેમાં જાણવા મળ્યુ કે સ્કુલ જતા ૩૦ ટકા બાળકો પણ વધારે પડતા વજનના કારણે હેરાન છે. જંક ફુડ પર આધારિત હોવાનો મતલબ જુદી જુદી બિમારીઓને આમંત્રણ આપવાનો છે. વધારે પડતી ચિકાસની ચીજવસ્તુઓ ખાવાથી ફેફસામાં પેટનુ પ્રમાણ વધી જાય છે. તેમાં પ્રોટીનની માત્રા તો હોતી જ નથી. પ્રોટીન આરોગ્ય માટે સૌથી વધારે મહત્વપૂર્ણ છે. હાલમાં વધી રહેલી અનેક બિમારીઓ આ જ ભોજનની ટેવના કારણે છે. આજે શુગર, બ્લડ પ્રેશન અને હાર્ટ સંબંધિત અનેક નવી નવી બિમારીઓ ઘર કરી રહી છે તેનુ મુખ્ય કારણ જંક ફુડ છે. તેનો ઉપયોગ હાલમાં વધી રહ્યો છે. શુગરનુ વધતુ પ્રમાણ સ્થુળતાને વધારે છે. સ્થુળતા જ અનેક બિમારીઓને આમંત્રણ આપી દે છે. અમે એ વાત પણ જોઈ રહ્યા છીએ કે ખાવા પીવાની ખરાબ ટેવની સાથે સાથે અમે હવે આરામદાયક જીવનશેલી તરફ આગળ વધી રહ્યા છીએ. આરામદાયક જીવનશેલીને પસંદ કરવાના પ્રયાસ કરી રહ્યા છીએ જેના કારણે હાલત વધારે ખરાબ થઈ રહી છે. સોશિયલ મિડિયાનો ઉપયોગ સતત વધી રહ્યો છે જેથી બાળકો અને અન્ય તમામ લોકો મોબાઈલ પર બેઠા રહે છે. અને પછી જે સમય મળે છે તે ટીવીની સામે બેસવામાં જતો રહે છે આવી સ્થિતીમાં પરિસ્થિતી પ્રતિકુળ બની જાય છે. આને રોકવા માટે વાલીઓ વધારે ધ્યાન આપે તે જરૂરી છે. બાળકોની ટેવને બદલી નાંખવાની જરૂર છે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસના તારણ તમામ લોકો અને નિષ્ણાંતો માટે આંખ ખોલનાર છે. આ દિશામાં બાળકોને વધારે સાવધાન કરવાની ચોક્કસપણે હવે જરૂરીયાત છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

### ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

### WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# બિહારમાં ભાજપ નેતાની પુત્રી પર એસિડ ફેંકાયો

। બેગુસરાય, તા.૬ ।

બિહારના બેગુસરાયમાં એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. અહીં ગુનેગારોએ સૂતી છોકરીના શરીર પર એસિડ ફેંક્યું. આ ઘટનામાં છોકરીના શરીરનો કેટલોક ભાગ બળી ગયો હતો. છોકરીના પિતા ભાજપ નેતા છે. આ ઘટનાથી ઘરમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ છે. પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે. એક અધિકારીએ જણાવ્યું કે છોકરીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. આરોપીઓની શોધ ચાલુ છે.આ ઘટના વોર્ડ નં. બાખરી નગર પરિષદ વિસ્તારનો ૨૩. અહીં ગઈકાલે રાત્રે અજાણ્યા ગુનેગારોએ ભારતીય જનતા પાર્ટીના નેતાની પુત્રી પર એસિડ ફેંક્યો હતો. ગુનેગારોએ છોકરીના ચહેરા પર એસિડ ફેંક્યું જ્યારે તે તેના ઘરમાં સૂતી હતી. એવી શંકા છે કે ગુનેગારોએ બારીમાંથી છોકરી પર એસિડ ફેંક્યું હતું. ભાજપ નેતાનું નામ સંજય સિંહ હોવાનું કહેવાય છે. તેઓ ભાજપના ભૂતપૂર્વ જિલ્લા ઉપપ્રમુખ છે.છોકરીની ઉંમર લગભગ ૨૪ વર્ષની હોવાનું કહેવાય છે. તપાસ દરમિયાન, છોકરીના પલંગ પર એસિડના નિશાન મળી આવ્યા હતા. એસિડ ફેંક્યા પછી ગુનેગારો ત્યાંથી ભાગી ગયા. એસિડ ફેંકાયા બાદ છોકરીએ ચીસો પાડવાનું શરૂ કર્યું ત્યારે પરિવારને આખી ઘટનાની ખબર પડી. ઘરના લોકો તરત જ ઘટનાસ્થળે પહોંચી ગયા. છોકરીને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી.

પીએમ મોદી શ્રીલંકાની મુલાકાત લેનારા પ્રથમ વિદેશી રાજ્યના વડા

# મોદીએ મહાબોધિ મંદિરમાં દર્શન કરી સાધુના આશીર્વાદ લીધા । રેલવે પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું

